# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

********************************************************

1. હિન્દી દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે , ભારતની બહુવિધ ભાષાઓ દેશની સૌથી મોટી શક્તિ.
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, નવી દિલ્હીમાં બ્રિક્સ સંમેલનના સફળ આયોજન સાથે ભારતે વૈશ્વિક મંચ પર અમીટ છાપ છોડી.
3. દેશમાં કોલસાની હરાજીથી 47 હજાર 500 કરોડ રૂપિયાની વાર્ષિક આવક અને ચાર લાખથી વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થવાનો અંદાજ.
4. આજે ગણેશ ચતુર્થી નિમિત્તે ભક્તિભાવપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે વિઘ્નહર્તાની પ્રતિમાનું દેશભરમાં સ્થાપન.
5. બાંગ્લાદેશે દ્વિપક્ષીય ચર્ચાઓ દ્વારા ભારત સાથે નવેસરથી સંબંધો આગળ વધાવાની ઇચ્છા વ્યક્ત કરી.
6. જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે યુએસ ઓપન ટેનિસનો પુરુષ સિંગલ્સ ખિતાબ જીત્યો.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

## SHAH- HINDI DIWAS

દેશભરમાં આજે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ 1949માં આજના દિવસે બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખાયેલી હિન્દીને દેશની સત્તાવાર ભાષા તરીકે અપનાવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે , ભારતમાં બહુવિધ ભાષાઓની ઉપસ્થિતિ એ દેશની સૌથી મોટી શક્તિ છે. આજે હિન્દી દિવસ પર વિશેષ સંદેશમાં તેમણે કહ્યું , હિન્દી ભાષા અન્ય કોઈ ભાષાની સ્પર્ધાત્મક ભાષા નથી , પરંતુ રાષ્ટ્રીય એકતાનું મહત્વપૂર્ણ જોડાણ છે.

## BYTE: AMIT SHAH

તેમણે કહ્યું કે, બ્રિટીશ કાયદાઓને ભારતીય ન્યાય સંહિતા , ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય શાક્ષ્ય અધિનિયમ દ્વારા બદલવાથી માત્ર શબ્દોનું આદાન-પ્રદાન જ નહીં પરંતુ આત્મગૌરવનું પુનઃસ્થાપન પણ થયું છે. ગૃહમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હિન્દી અને અન્ય તમામ ભાષાઓ ટેકનોલોજીકલ વિકાસના સુવર્ણ યુગની સાક્ષી બની રહી છે.

નવી શિક્ષણ નીતિ વિશે વાત કરતા , શ્રી શાહે કહ્યું કે આ નીતિ માતૃભાષાને શિક્ષણના કેન્દ્રમાં રાખે છે. શ્રી શાહે નાગરિકોને વિકસિત ભારતની યાત્રામાં ભાષાને અસરકારક સાધન બનાવવાનો સંકલ્પ લેવા અપીલ કરી.

શ્રી શાહ આજે નવી મુંબઈમાં હિન્દી દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમ અને છઠ્ઠા અખિલ ભારતીય રાજભાષા સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

# AMIT SHAH-UCC

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે , 21 રાજ્યોમાં ભાજપની આગેવાની હેઠળની NDA સરકારો 2029 પહેલા સમાન નાગરિક ધારો – UCC લાગુ કરશે.

મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા ગૃહમંત્રીએ કહ્યું કે , ઘણા રાજ્યોમાં UCC લાગુ કરવામાં આવ્યો છે અને તેમને વિશ્વાસ છે કે, 2029 પહેલા ભાજપ-NDA શાસિત 21 રાજ્યોમાં UCC લાગુ કરવામાં આવશે.

# RAJNATH - BRICS SUMMIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું , નવી દિલ્હીમાં બ્રિક્સ સમ્મેલનના સફળ આયોજન સાથે ભારતે વૈશ્વિક મંચ પર અમીટ છાપ છોડી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું , સીમાચિહ્નરૂપ નવી દિલ્હી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર ફક્ત એક દસ્તાવેજ નથી, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતના વધતા વૈશ્વિક પ્રભાવને દર્શાવે છે.

તેમણે જણાવ્યું, ભારતે બ્રિક્સ સહયોગને સીધા સામાન્ય લોકો સાથે જોડવા પર વિશેષ ભાર મૂક્યો છે.

# MEA-GRATITUDE

વિદેશ મંત્રાલયે નવી દિલ્હીમાં 18મા બ્રિક્સ સમ્મેલનના સફળતાપૂર્વક આયોજનમાં સહયોગ આપવા બદલ કેન્દ્ર સરકારના તમામ વિભાગો અને એજન્સીઓનો આભાર વ્યક્ત કર્યો. આ સમ્મેલન ગઈકાલે સફળતાપૂર્વક સંપન્ન થયુ હતું.

મંત્રાલયે જણાવ્યું કે , સમ્મેલનનું આયોજન એક જટિલ કવાયત હતી , જેમાં સમગ્ર સરકાર અને રાષ્ટ્રને સંકલિત પ્રયાસની જરૂર હતી. વધુમાં મંત્રાલયે બ્રિક્સ બેઠકોનું આયોજન કરનાર તમામ રાજ્ય સરકારોનો આભાર માન્યો.

# TEDROS-HEALTH COOPERATION

વિશ્વ આરોગ્ય સંગઠન WHOના મહાનિદેશક ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે મજબૂત આરોગ્ય સહયોગ, નવીનતા, સ્થિતિસ્થાપકતા અને દિર્ઘકાલિન ધિરાણ માટે હાકલ કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. ટેડ્રોસે જણાવ્યું કે , બ્રિક્સ સમ્મેલનની વિષયવસ્તુ વૈશ્વિક આરોગ્ય સાથે સીધી સંલગ્ન છે. તેમણે બ્રિક્સ દેશોને સ્થિરતા માટે પ્રાથમિક આરોગ્યસંભાળ , દેખરેખ, પ્રારંભિક ચેતવણી પ્રણાલી અને સ્થાનિક ઉત્પાદનને વધુ સક્ષમ બનાવવા અપીલ કરી.

# GOVT – COAL

સરકારે જણાવ્યું કે , વર્ષ 2020થી અત્યારસુધીમાં નવ રાજ્યોમાં 147 કોલસા બ્લોકની હરાજી કરવામાં આવી છે. કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ કે , કોલસાની હરાજીથી લગભગ 47 હજાર 500 કરોડ રૂપિયાની વાર્ષિક આવક અને રોજગારી ચાર લાખથી વધુ તકો ઉપલબ્ધ થવાનો અંદાજ છે.

મંત્રાલયે જણાવ્યું કે , ગત નાણાકીય વર્ષમાં ફાળવેલ વાણિજ્યિક ખાણોમાંથી લગભગ ત્રણ હજાર 90 કરોડ રૂપિયાની કુલ આવક થઈ છે. છેલ્લા દાયકામાં દેશમાં કોલસા બ્લોક ફાળવણીમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. સમગ્ર હરાજી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DEFENCE- NORTH FRONT

કેન્દ્ર સરકારે જણાવ્યું, સેનાના અવિરત પ્રયાસોને કારણે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ નિયંત્રણમાં છે. એક વાર્ષિક અહેવાલમાં , સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે સેનાના પ્રયાસોથી હિંસામાં નોંધપાત્ર ઘટાડો થયો છે , વિરોધ પ્રદર્શનોમાં ઘટાડો અને પથ્થરમારાની શૂન્ય ઘટનાઓ બની છે. અહેવાલ મુજબ , ઓપરેશન સિંદૂર દરમિયાન જમ્મુ અને કાશ્મીર અને નિયંત્રણ રેખા પર પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે વર્ષ 2025 માં ઉત્તરી સરહદો પર ચીનની સેનાની તૈનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. રાજકીય , રાજદ્વારી અને સૈન્ય સ્તરે ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય વાતચીતથી ઉત્તરી સરહદો પર સ્થિરતા આવી છે..

અહેવાલમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે સંરક્ષણ મંત્રાલય વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવા ભારતીય ઔદ્યોગિક આધારને સક્રિયપણે પ્રાથમિકતા આપી રહ્યું છે.

# GUJARAT RAIN

ગઇકાલથી ગુજરાતના અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આજે રાજ્યના 5 જિલ્લાઓ માટે ઓરેન્જ જ્યારે 15 જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે , ત્યારે અમદાવાદ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદના પગલે પાણી ભરાઇ ગયા હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

હવામાન વિભાગે વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે. સ્થાનિક તંત્ર દ્વારા લોકોને પાણી ભરાતાં હોય તેવા સ્થળોની નજીક ન જવા ચેતવણી આપી છે. છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે , અત્યાર સુધીમાં 200 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

# GANESH CHATURTHI

દેશભરમાં આજે ગણેશ ચતુર્થીની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ ભગવાન ગણેશના જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે , જે શાણપણ, સમૃદ્ધિ અને સૌભાગ્યના પ્રતીક છે. 11 દિવસના આ તહેવારની ઉજવણીનું સમાપન 25 સપ્ટેમ્બરે અનંત ચતુર્દશીએ ભગવાન ગણેશની પ્રતિમાના વિસર્જન સાથે થશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગણેશ ચતુર્થીના આ અવસર પર લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિએ ગણેશ ચતુર્થીનો તહેવાર દરેકના જીવનમાં ઊર્જા, જ્ઞાન અને સકારાત્મકતા લાવે તેવી કામના કરી.

સોશિયલ મીડિયા પર સંસ્કૃત સુભાષિતમ શેર કરતા, પ્રધાનમંત્રીએ આ પવિત્ર તહેવાર દરેકના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી.

# BANGLADESH-INDIA BILATERAL

વિદેશ રાજ્યમંત્રી હુમૈયુ કોબીરે જણાવ્યું હતું કે , બાંગ્લાદેશ બહુપક્ષીય મંચો કરતાં દ્વિપક્ષીય ચર્ચાઓ દ્વારા ભારત સાથે નવા સંબંધો તરફ આગળ વધવા માંગે છે.

ઢાકામાં વિદેશ મંત્રાલયમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી કોબીરે કહ્યું કે , બાંગ્લાદેશને ભારત સાથે પરસ્પર હિતોના આધારે નવી દિલ્હી સાથે વ્યવહાર કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યું કે , જ્યારે પણ જરૂર પડશે ત્યારે બાંગ્લાદેશ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મંચો પર અન્ય દેશોને મળવાનું યથાવત રાખશે.

બાંગ્લાદેશ-ભારત સરહદ પર તાજેતરની ઘટનાઓ અંગે શ્રી કોબીરે કહ્યું કે ઢાકા આંતરરાષ્ટ્રીય કાયદા , હાલના સરહદ પ્રોટોકોલ અને દ્વિપક્ષીય કરારોનું પાલન કરીને રાજદ્વારી ચર્ચાઓ દ્વારા મુદ્દાઓનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરશે.

101 સમજૂતી કરારોની સમીક્ષાના અહેવાલો અંગે તેમણે કહ્યું કે , સંસદીય પ્રક્રિયા દ્વારા કરારોની ચકાસણી કરવામાં આવી રહી છે.

# US OPEN TENNIS

જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે ન્યૂયોર્કમાં અમેરિકાના બેન શેલ્ટનને 6-3, 7-6, 5-7, 6-2થી હરાવીને યુએસ ઓપન ટેનિસનો પુરુષ સિંગલ્સ ખિતાબ જીત્યો છે. જૂનમાં ફ્રેન્ચ ઓપન જીત્યા બાદ , એલેક્ઝાન્ડર ઝ્વેરેવનો 2026નો આ બીજો ખિતાબ છે.

# FUR REV PREZ VP PM - INDIA ASIA CUP

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ટીમને મહિલા ટી -20 એશિયા કપ 2026 જીતવા બદલ અભિનંદન પાઠવ્યા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે , ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક ટીમ તરીકે શાનદાર પ્રદર્શન કરતાં બધી મેચ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે.

ઉપ-રાષ્ટ્રપતિએ કહ્યું કે, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમના અજેય અભિયાન , અસાધારણ ટીમવર્ક અને અટલ નિશ્ચયથી રાષ્ટ્રને અપાર ગૌરવ મળ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું , ખેલાડીઓનો આત્મવિશ્વાસ , સુસંગતતા અને વિજય મેળવવાની ભાવના સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સંપૂર્ણ રીતે પ્રદર્શિત થઈ છે.

# PAKISTAN-EXPLOSION

પાકિસ્તાનમાં, દક્ષિણ - પશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતમાં કોલસાની ખાણમાં ગેસ વિસ્ફોટ થતાં ચાર ખાણ મજૂરોના મોત અને પાંચ ઇજાગ્રસ્ત થયા છે. અહેવાલો અનુસાર, હરનાઈ જિલ્લામાં કોલસાની ખાણમાં ગેસ ભરતા આ ઘટના બની હતી.

ઓગસ્ટની શરૂઆતમાં , બલુચિસ્તાન પ્રાંતના ડુકીમાં કોલસાની ખાણમાં કામ કરતી વખતે ઝેરી મિથેન ગેસ શ્વાસમાં ભળતા બે અફઘાન નાગરિકો સહિત ત્રણ કામદારના મોત થયા હતા.

# STOCK MARKET CLOSE- GANESH CHATURTHI

ગણેશ ચતુર્થીને લઈને આજે ભારતીય શેરબજાર બંધ રહ્યું છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી આજે કારોબાર માટે બંધ રહેશે.

દરમિયાન, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા અનુસાર , કોમોડિટી સેગમેન્ટમાં સવારનો ટ્રેડિંગ બંધ રહ્યું, જ્યારે સાંજે 5 વાગ્યે ટ્રેડિંગ ફરી શરૂ થશે.